ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ००૬.
ફોન : (०७૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (०७૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

અખબારી યાદી  તા. ૧૬-૦૪-૨૦૨૫

- **શ્રીમતી સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સામે કિન્નાખોરી રાખીને ઇ.ડી દ્વારા ચાર્જશીટ કરવા સામે કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન.**

- **વિરોધ પ્રદર્શન કરતા કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓને પોલીસ દ્વારા ડિટેઇન કરવામાં આવ્યા.**

મોદી સરકાર દ્વારા રાજકીય કિન્નાખોરી રાખી શ્રીમતી સોનિયા ગાંધીજી અને શ્રી રાહુલ ગાંધીજી વિરૂધ્ધ ખોટી રીતે નેશનલ હેરાલ્ડ કેસમાં ED દ્વારા ચાર્જશીટ દાખલ કરાતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ અને અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા વિરોધ પ્રદર્શન કાર્યક્રમ કરવામાં આવ્યો. ED ઓફિસ, માનવ મંદિર, અમદાવાદ ખાતે અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી હિંમતસિંહ પટેલની આગેવાનીમાં પ્રદેશ કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહીને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું.

ઉપરોક્ત વિરોધ પ્રદર્શનમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ શ્રી ઇન્દ્રવિજયસિંહ ગોહિલ, અમદાવાદ વિરોધ પક્ષના નેતા શ્રી શેહઝાદખાન પઠાણ, પૂર્વ ધારાસભ્ય શ્રી ગ્યાસુદ્દીન શેખ, પ્રદેશ ઉપપ્રમુખ શ્રી બિમલ શાહ, પ્રદેશ મહામંત્રી શ્રી રાજુ બ્રહ્મભટ્ટ, પ્રદેશ મહિલા પ્રમુખ શ્રી ગીતાબેન પટેલ, પ્રદેશ એસ.સી સેલના ચેરમેન શ્રી હિતેન્દ્ર પીઠડીયા, પ્રદેશ પ્રવક્તા અને મીડિયા કોઓર્ડિનેટર શ્રી હેમાંગ રાવલ, પ્રવક્તા શ્રી પ્રગતિ આહિર સહિત પક્ષના વિવિધ આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

હેમાંગ મહિપતરામ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
મો. ૯૮૯૮૨૩૩૦૩૮